**મે.મજૂર અદાલત, અમદાવાદનાં પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ**
**રેફરન્સ (ડી) નં.૧૪૫/૨૦૧૯**

**આંક-૮**

**પ્રથમ પક્ષકારોઃ-** (૧) **મેનેજીંગ ડાયરેકટરશ્રી/જનરલ મેનેજરશ્રી,**
**મિડકો લી.**સ્ટેશન રોડ, જૈન આશ્રમ પાસે,
વટવા,અમદાવાદ-૩૮૨૪૪૦.

(૨) **Managing Director/General Manager,**
**Gilbarco Veeder-Root India Pvt Ltd.**
**1st Floor, Tower-1,Ecunox Business Park,(Peninsula Techno Park),**
**B/h Bandra-Kurla Complex, L.B.S. Marg, Mumbai-400070.**

**વિરુદ્ધ**

**બીજા પક્ષકાર::-** **અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,**
બીજો માળ, અરબ ચેમ્બર્સ, પેટ્રોલ પંપની સામે,
પથ્થરકુવા, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.

હાજર રહ્યાઃ પ્રથમ પક્ષકાર નં.૧ તરફે : વિ.વ.શ્રી જે.ડી. ચાલીસહજાર
પ્રથમ પક્ષકાર નં.૨ તરફે : ગેરહાજર
બીજા પક્ષકાર તરફે : વિ.પ્રતિનિધિ શ્રી એમ.એચ. સંઘરિયાત

**--:: એ વો ર્ ડ ::--**

**(૧)** હાલનાં રેફરન્સનાં કામે આ એવોર્ડમાં 'સગવડતા' અને 'સરળતા' ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે **'સામાવાળા'** અને **'અરજદાર'** તરીકે સંબોધવામાં આવેલ છે.

**(૨)** આ કામનાં યુનિયને સંસ્થાનાં કામદાર શ્રી વાસુદેવ દલપતભાઈ મકવાણાએ સંસ્થામાં તા.૧૩-૦૭-૨૦૦૭ થી તા.૨૭-૦૯-૨૦૧૮ સુધી કરેલ ૪ કલાક ઓવરટાઇમ કામગીરીનું વેતન રૂા.૪,૨૦,૨૭૩/- તથા તેની ૧૦ ગણી વળતરની રકમ ચુકવી આપેલ ન હોય તે બાબતનો વિવાદ સંસ્થા વિરુદ્ધ મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષ ઉપસ્થિત કરેલ. જે વિવાદનું સમાધાન નહીં થતાં, મદદનીશ શ્રમ આયુક્ત, અમદાવાદ દ્વારા ત્યાંથી આ વિવાદ અન્ય નિર્ણય અર્થે અત્રેની કોર્ટને રીફર કરેલ. મદદનીશ શ્રમ આયુક્ત, અમદાવાદ નાંઓએ તેમનાં હુકમક્રમાંકઃકે.એચ.એચ.એસ.એમ.સી./આર/ક/૩૪૩૩૮/આઈ.ડી.આર./એજે/૧૭૫/૨૦૧૯ પત્ર ક્રમાંક નં.૨૪૩૩૪ થી તા.૧૬-૧૧-૨૦૧૯ મારફતે અત્રેની કોર્ટને રીફર કરેલ.

જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**-: અ નુ સૂ ચિ :-**

" સંસ્થાનાં કામદાર શ્રી વાસુદેવ દલપતભાઈ મકવાણા પાસેથી તા.૧૩-૦૭-૨૦૦૭ થી તા.૨૭-૦૯-૨૦૧૮ સુધીનાં રોજથી લેવામાં આવેલ ૪ કલાક ઓવરટાઇમ કામગીરીનું કોઈ વેતન કે વળતર સિંગલ ચુકવવામાં આવેલ છે પરંતુ ડબલ ચુકવવામાં આવેલ નથી તે ઓવરટાઇમ રકમની ગણતરી ૧૦ ગણા કોમ્પેનસેશન સાથે ચુકવી આપવું કે કેમ ?

ઓવરટાઇમ તા.૧૩-૦૭-૨૦૦૭ થી તા.૨૭-૦૯-૨૦૧૮ સુધીની ગણતરી દરરોજ લેવામાં આવેલ ૪ કલાક ઓવરટાઇમ કામગીરીનાં સિંગલ લેખે રૂ.૪,૨૦,૨૭૩/- લેણા થાય તે ચુકવી આપવી કે કેમ ?

ઉપરોક્ત માંગણીનો તાત્કાલિક અમલ કરવો કે કેમ ?"

(૩) ઉપરોક્ત વિગતે અત્રેની કોર્ટમાં આ ઔદ્યોગિક વિવાદ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત થતાં પક્ષકારોને નોટીસ કરતા અરજદાર યુનિયને કામદારોનુ માંગણા નિવેદન રજુ કરેલ. તેમજ સામાવાળા નં.૧ એ લેખિત જવાબ રજુ કરેલ. સદર કામ સામાવાળા નં.૨ નાં સરનામા માટે પેન્ડીંગ હતુ તે દરમ્યાન અરજદાર યુનિયને આંક-૭ થી સદર રેફરન્સ કામદારનાં પુનઃસ્થાપિત થવાનાં કેસને બાધ આવ્યા સિવાય આજરોજ પરત ખેંચવાની વિડ્રો પુરસીસ રજુ કરતાં તે નોંધવામાં આવેલ છે. આમ, અરજદાર યુનિયન હાલનો રેફરન્સ આગળ ચલાવવા માંગતા ન હોય આંક-૭ ની વિડ્રો પુરસીસનાં અનુસંધાને ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

**તારીખ:૧૨-૧૧-૨૦૨૨**
**સ્થળ: અમદાવાદ.**

**( અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

**F.M.Kadri, P.S.**